## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




ડેડી, મને ખબર પડી કે... તમારા જમાનામાં પબજીની જગ્યાએ ગાંધીજી જ હતા...

# છેલ્લા એક વર્ષથી નાસતા-ફરતા આરોપી એસઓજીએ પકડી પાડ્યો

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર એસઓજી એ છેલ્લા એક વર્ષથી નાસતા-ફરતા આરોપીને દબોચી લીધો છે. આ આરોપી સામે કાલુપુર પોલીસ સ્ટેશનમાં મુંબઈ પશુ સંરક્ષણ અધિનિયમની કલમ ૫,૬૮ તેમજ ગુજરાત પશુ સંરક્ષણ અધિનિયમ ૨૦૧૧ ની કલમ -૬ (ક) (ખ) મુજબનો ગુનો નોંધાયો છે. ગાંધીનગર એસઓજી પીઆઈ જે.જી.વાઘેલાની ટીમના હેડ કોન્સ્ટેબલ સજ્જાદ હુસેનને આરોપી રોહિત બારસંગભાઈ વાઘરી (રહે. હીલોલ, વાઘરી વાસ, દહેગામ) પોતાના ઘરે હોવાની બાતમી મળી હતી. જેને પગલે એસઓજીની ટીમ આરોપીની કલમ ૪૧ (૧) મુજબ અટક કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# લૂંટના આરોપીને એલસીબીએ દબોચ્યો

ગાંધીનગર,તા.૧૬

ગાંધીનગર એલસીબી પોલીસની ટીમને લુંટના આરોપીને પકડવામાં સફળતા મળી છે. કડીમાં છ માસ પહેલા ટ્રક રોકીને રૂ.૨૦.૫૧ લાખની લુંટ કરી હતી. આ કેસમાં આરોપી સતિષ લાલીયાભાઈ ઈન્દ્રેકર ( રહે. પારંબી આવાસ યોજના, કઠવાડા, અમદાવાદ) એપોલો સર્કલ તરફ જતા માર્ગે નર્મદા કેનાલના બ્રીજ પાસે ઉભો હતો.જેની બાતમી એલસીબી પીઆઈ નિરજ પટેલની ટીમના હે.કો રણજીતસિંહ તેમજ જીગ્નેશકુમારને મળી હતી. જેને પગલે એલસીબીની ટીમે આરોપીને પકડી પાડ્યો હતો. આરોપીની ઉંડાણ પુર્વક પુછપરછ કરતા આજથી છ માસ અગાઉ પહેલા તેણે અન્ય ત્રણ સાગરીતો સાથે મળીને કડીના થોળ રોડ પર પીરોજપુરની નર્મદા કેનાલ પાસેથી ટ્રક રોકીને રૂ.૨૦.૫૧ લાખની લુંટ કરી હતી તેની કબુલાત કરી હતી. કડીમાં કપાસ ઉતારીને જતા મધ્યપ્રદેશથી આવેલા ટ્રક ડ્રાઈવર-કલિનરને આરોપી બનાવી બંધક બનાવી લુંટ કરી હતી. ત્યારથી અત્યાર સુધી તે ભાગતો ફરતો હતો. આરોપીએ સિંધુભવન માર્ગ પરથી ગાડીનો કાચ તોડી ચોરી કરી હતી. આરોપી સતીષ ઈન્દ્રેકર અગાઉ પણ ૧૦ જેટલા ગુનામાં તે પકડાઈ ગયો છે.જયારે અમદાવાદ પોલીસે પણ બે વાર પાસા હેઠળ અટકાયત કરાઈ હતી. આરોપીને પકડીને એલસીબી પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ખ-૧ પાસે જીપ ડાલુ ડીવાઈડર પર ચડી ગયું

શહેરના ખ-૧ પાસે રવિવારના રોજ પસાર થઈ રહેલા જીપ ડાલાની નજર અચાનક આગળ ઉભા રહેલા જેસીબી પર પડી હતી. જેને પગલે ડ્રાઈવરે જીપડાલા પરનો કાબુ ગુમાવતા ડીવાઈડર પર જીપડાલુ ચડી ગયું હતું. જો કે સદનસીબે આ અકસ્માતમાં કોઈને ઈજા પહોંચી નથી. જયારે ડાલાને નુકશાન થવા પામ્યું હતું.

# ધારીસણા ગામનો અને આજુબાજુનો ૮ કિલોમીટર વિસ્તાર કોલેરાગ્રસ્ત જાહેર

ગાંધીનગર

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના ધારીસણા ગામનો અને આજુબાજુનો ૮ કિલોમીટર વિસ્તારને જિલ્લા કલેકટર શ્રી એસ.કે.લાંગાએ એક જાહેરનામું બહાર પાડીને કોલેરાગ્રસ્ત વિસ્તાર તરીકે જાહેર કર્યો છે.

જાહેરનામામાં જિલ્લા કલેકટર શ્રી એસ.કે.લાંગાએ જણાવ્યું છે કે, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી દ્વારા આ વિસ્તારને કોલેરા ગ્રસ્ત વિસ્તાર તરીકે જાહેર કરવા માટે પત્રથી જાણ કરવામાં હતી. આ અંગે યોગ્ય વિચારણામાં લઈ એપીડેમીક ડીસીઝ એક્ટ-૧૯૮૭ની કલમ-૨ અન્વયે કોલેરા રેગ્યુલેશનના મુંબઈ સરકારશ્રીના એકસ્ટ્રા ઓર્ડીનરી ભાગ – ૪ મા પ્રસિધ્ધ થયેલ છે. તેના રેગ્યુલેશન અન્વયે મળેલ સત્તાની રૂએ દહેગામ તાલુકાના ધારીસણા ગામનો અને આજુબાજુનો ૮ કિલોમીટર વિસ્તારને કોલેરા ગ્રસ્ત જાહેર કરવામાં આવ્યો છે. કોલેરા નિયંત્રણ અધિકારી તરીકે દહેગામ મામલતદારની નિમણુંક કરવામાં આવી હોવાનું પણ જાહેરનામાં જણાવવામાં આવ્યું છે. આ જાહેરનામું પ્રસિધ્ધ તારીખથી ત્રણ માસ સુધી અમલમાં રહેશે, તેવી પણ સ્પષ્ટતા જાહેરનામાં કરવામાં આવી છે.

# સાંઈ સંકુલ ખાતે આંતરિક ક્રિકેટ સ્પર્ધા યોજાઈ






ગાંધીનગર, તા.૧૬

સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયા સંકુલ સે-૧૫ ખાતે છ અઠવાડિયાનો ફૂટબોલ, કબડ્ડી અને વોલીબોલનો સર્ટીફીકેટ કોર્સ યોજાઈ રહ્યો છે. જેમાં સમગ્ર ભારતમાંથી કુલ ૬૪ યુવાનોએ ભાગ લીધો છે. જેમાં આંતરિક સ્પર્ધા એ તાલીમનો એક ભાગ છે. તે સંદર્ભે વોલીબોલ અને ફૂટબોલની ટીમે તેમના સંબંધિત રમતમાં આંતરિક સ્પર્ધા યોજી હતી તથા કબડ્ડીની ટીમ દ્વારા આંતરીક ક્રિકેટ સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં દરેક રમતની ટીમના ખેલાડીઓ તથા સાઈ કોચની ટીમે ભાગ લીધો હતો. ફાઈનલ રાઉન્ડ સુધી ફૂટબોલ ટીમનું જૂથ અને કોચનું ગ્રુપ પહોંચ્યા હતા અને ૬૯ રન સામે ૮૬ રન બનાવી કોચની ટીમ વિજેતા બની હતી.

ઈન્ટરનેશનલ કબડ્ડી કોચ સંદીપ નરવાલએ પણ ખાસ મેચમાં ભાગ લીધો હતો. આંતરિક સ્પર્ધા કબડ્ડી કોચ જયવીર શર્મા અને સંજીવ શર્માના માર્ગદર્શન હેઠળ યોજાઈ હતી. આ પ્રસંગે ઝારખંડ-કબડ્ડી એસોસિએશનના જનરલ સેક્રેટરી વીપીનકુમાર અને સાંઈ સંકુલ ગાંધીનગરના આસિસ્ટન્ટ ડાયરેકટર રાજીવકુમાર ઠુકરાલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

# કોલવડા ગામે ઘરમાં રાખેલા પુળામાં આગ ભભુકી ઉઠી

ગાંધીનગર નજીક આવેલા કોલવડા ગામે ઘરમાં રાખેલા પુળામાં અચાનક આગી લાગી હતી. કોલવડાના પાંડવનગર મહાકાળી મંદિર પાસે ઘરની બાજુમાં આવેલી ઓરડીમાં અંદાજીત ૮૦૦ જેટલા પુળા મુકવામાં આવ્યા હતા. ઘરે કોઈ હતુ નહી તે સમયે અચાનક ઓરડીમાંથી ધુમાડા નિકળતા ગ્રામજનોએ ફાયરબ્રિગેડને કોલ કરતા તાત્કાલીક બનાવ સ્થળે પહોચીને પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવી લીધો હતો. આગ કાબુમાં આવી જતા ગ્રામજનોને રાહત થઈ હતી. પરંતુ આગ કયા કારણોસર લાગી તે જાણી શકાયું નથી. ત્યારે પશુઓ માટે પુળાં તેમજ અન્ય ઘાસચારાનો સંગ્રહ દુર ખેતરમાં સ્ટોરેજ બનાવીને કરવો જોઈએ. નહીં તો પુળાને પગલે લાગેલી આગ મોટી દુર્ઘટના સર્જી શકે છે.






દહેગામ ખાતે યોજાયેલ કૃષિ મહોત્સવમાં પ્રગતિશીલ ખેડૂતોનું સન્માન ધારાસભ્ય શ્રી બલરાજસિંહ ચૌહાણ, ભાજપ પ્રદેશ કિસાન મોરચાના મંત્રી હિતેન્દ્ર પટેલ, એપીએમસીના ચેરમેન સોમેરુ અમીન અને અધિક કલેકટર શ્રી જાડેજાના હસ્તે કરાયું હતું.

# મહુન્દ્રા પાટીયા પાસે ઈકો ટવેરા વચ્ચે અકસ્માત સર્જાયો

ગાંધીનગર, તા.૧૬

ચિલોડા નજીક મહુન્દ્રા પાટીયા પાસે ટાવેરા-ઈકો કાર વચ્ચે સવારના સમયે અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં ૫ થી વધુ વ્યકિતઓને ઈજા પહોંચી હતી. ઘાયલોને તાત્કાલીક ૧૦૮ દ્વારા ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર માટે લઈ જવાયા હતા. જયારે અકસ્માતને પગલે ચિલોડા હાઈ-વે પર વાહનોની લાંબી કતારો જોવા મળી હતી અને દોઢ કલાક ટ્રાફિક જામ રહ્યો હતો. બનાવ અંગે પોખરાજ ભેરૂમલ ગુર્જરની ફરીયાદને પગલે ચિલોડા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

બનાવની મળતી વિગત મુજબ અમદાવાદના નિકોલ ખાતે રહેતા પોખરાજ ભેરૂમલ ગુર્જર અને પરિવારના સભ્યો ટાવેરા કારમાં ચિલોડા થી હિંમતનગર તરફ જઈ રહ્યા હતા. તો બીજીતરફ ઈકો કાર હિંમતનગરથી ચિલોડા તરફ આવી રહી હતી અને મહુન્દ્રા ગામ તરફ વળાંક લઈ રહી હતી. તે સમયે ચિલોડા નજીક આવેલા મહુન્દ્રા પાટીયા પાસે ઈનોવા કાર નં. જી.જે.૦૧. આર.જી.-૦૩૦૮ અને ઈકો કાર નં. જી.જે.૩૧.ડી.-૩૨૭૫ વચ્ચે અકસ્માત સર્જાયો હતો. ધડાકાભેર વાહનો સામેસામે અથડાતા બંન્ને વાહનનો ખુડદો બોલી ગયો હતા. જયારે ટાવેરામાં સવાર પાંચ જેટલા મુસાફરોને ઈજા પહોંચી હતી. જયારે અકસ્માતને પગલે આસપાસના નાગરીકો દોડી આવ્યા હતા અને બચાવ કામગીરી હાથ ધરી હતી.

ટાવેરા ગાડીમાં સવાર મુસાફરોને ઈજા પહોંચતા તાત્કાલીક ૧૦૮ બોલાવી તાત્કાલીક ગાંધીનગર સિવિલ રીફર કરાયા હતા. જેમાં એક મહિલાને ફ્રેકચર થયું છે તો બીજા મુસાફરોને નાની મોટી ઈજા પહોંચી છે. ચિલોડા-હિંમતનગર હાઈ-વે પર સીક્સલેન માર્ગનું કામ પુરજોશમાં ચાલી રહ્યું છે. તેમા અકસ્માત સર્જાતા હાઈ વે પર બે કિલોમીટર સુધી ટ્રાફિકજામના દ્રશ્યો સર્જાયા હતા. હાઈ વે પર વાહનનો ખડકલો થઈ ગયો હતો. બનાને પગલે પોલીસ સ્ટાફના કર્મચારીઓ આવી પહોંચીને વાહનો ખસેડીને ટ્રાફિક કલીયર કર્યો હતો. જયારે એક કલાક જેટલા સમય સુધી વાહન ચાલકો ટ્રાફિકમાં અટવાયા હતા.









# ગુજરાતમાં રાજ્યસભાની ચૂંટણી હંમેશા વિવાદ સાથે આવે છે, વોટીંગ સ્ટેટેજીમાં ભાજપ માહિર

## રાજ્યસભામાં ૨૦૨૦માં ચાર બેઠકો ખાલી થાય છે જે પૈકી ત્રણ ભાજપ અને એક કોંગ્રેસ પાસે છે

ગુજરાતમાં રાજ્યસભાની ચૂંટણી આવે છે ત્યારે આખા દેશમાં તેની ચર્ચા થાય છે, તેનું મહત્વનું કારણ ત્રીજા ઉમેદવારનું પદાર્પણ છે. પાર્ટીના સત્તાવાર ઉમેદવારને હરાવવા માટે ક્રોસવોટીંગનો સહારો લઈને બિનસત્તાવાર ઉમેદવારને વિજયી બનાવવાની ટ્રીક નેતાઓ વાપરે છે. બે વર્ષ પહેલાં કોંગ્રેસના સત્તાવાર ઉમેદવાર અહમદ પટેલને હરાવવાના પ્રયાસ થયા હતા પરંતુ રાજકીય ખેલાડી હોવાના કારણે તેઓનું સભ્યપદ જળવાઈ રહ્યું હતું. એ પહેલાં રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી સ્વ. ચીમનભાઈ પટેલના શાસનમાં જ્યારે રાજ્યસભાની ચૂંટણી આવી હતી ત્યારે તેમની પાર્ટીના સત્તાવાર ઉમેદવાર જેવી શાહને હરાવવા માટે ભાજપે તરકીબ બનાવી હતી. ભાજપના સત્તાવાર ઉમેદવાર આનંદીબહેન પટેલ હતા. શંકરસિંહ વાઘેલા તે સમયે ભાજપમાં હતા, તેમણે પાર્ટીને કહ્યું હતું કે-- આપણે બે બેઠકો જીતી જઈશું. ક્રોસ વોટીંગના ખેલમાં શંકરસિંહ વાઘેલાએ તેમના સમર્થક અને ભાજપના બીજા ઉમેદવાર કનકસિંહ માંગરોળાને જીતાડ્યા હતા અને ચીમનભાઈ પટેલના મનસૂબા પર પાણી ફેરવી નાંખ્યું હતું. આ ચૂંટણી આખા દેશમાં ચર્ચાસ્પદ બની હતી. આ વખતે અમિત શાહ અને સ્મૃતિ ઈરાનીની ખાલી પડેલી બે બેઠકો પૈકી સંખ્યાબળના આધારે કોંગ્રેસને એક બેઠકનો ફાયદો થવાનો હતો પરંતુ ભારતના ચૂંટણી પંચે અગાઉના ચૂકાદાના આધારે બે બેઠકો માટેના અલગ નોટિફિકેશન અને મતદાનની પ્રક્રિયા અલગ કરતાં ૭૧ ધારાસભ્યો હોવા છતાં કોંગ્રેસને રાજ્યસભામાં કોઈ ફાયદો થઈ શકે તેમ નથી. આ વખતે પણ રાજ્યસભાની ચૂંટણી વિવાદો સાથે આવી રહી છે...

**ગુજરાતમાં બે પ્રોજેક્ટ ટુરિસ્ટને આકર્ષી શકે છે...**

ગુજરાતમાં સ્ટેચ્યુ ઓફ યુનિટી પછી બે એવા પ્રોજેક્ટ પર વિચારણા થઈ રહી છે કે જે સાકાર થાય તો રાજ્યમાં પરપ્રાંત તેમજ વિદેશી ટુરિસ્ટો મોટી સંખ્યામાં ઉમટી પડે તેમ છે. તત્કાલિન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતમાં અડાલજ પાસે મીની ભારત બનાવવાની યોજના પર વિચાર કરવાનું ટુરિઝમ વિભાગના અધિકારીઓને કહ્યું હતું. આ મીની ભારતમાં દેશના તમામ રાજ્યોની ખાણીપીણીની ચીજવસ્તુઓનું બજાર રાજ્યની ભાતીગળ ઓળખ સાથે ઉભું કરવાની દરખાસ્ત છે. અડાલજમાં પ્રવાસન વિભાગની જમીન આવેલી છે અને આ સ્થળ અમદાવાદ-ગાંધીનગર હાઈવે પર આવેલું છે જેથી ટ્રાન્સપોર્ટેશનની સુવિધા ત્વરીત ઉભી થઈ શકે છે. પ્રવાસન વિભાગ બીજો પ્રોજેક્ટ ડિઝનીલેન્ડનો વિચારી રહ્યું છે પરંતુ તેમાં સ્પર્ધાત્મકતા વધારે છે, કેમ કે ડિઝનીલેન્ડ મુંબઈમાં સ્થપાય તેવી ઈચ્છા મહારાષ્ટ્ર સરકાર રાખી રહી છે પરંતુ હવે તે સ્પર્ધામાં ગુજરાત પણ ઉતર્યુ છે. સમગ્ર વિશ્વમાં હાલ અમેરિકાના કેલિફોર્નિયા અને ફ્લોરિડા, જાપાનમાં ટોક્યો, ફ્રાન્સના પેરિસમાં હોંગકોંગ અને ચીનમાં ડિઝનીલેન્ડ આવેલા છે. અમેરિકા સ્થિત ડિઝનીલેન્ડ કંપનીના માલિક ભારતમાં યોગ્ય જગ્યાની શોધમાં છે ત્યારે ગુજરાત સરકાર તેના માટે દરખાસ્ત કરી શકે છે. સચિવાલયના સૂત્રો કહે છે કે ડિઝનીલેન્ડ માટે મુંબઈ અને ગુજરાત વચ્ચે તીવ્ર સ્પર્ધા થઈ શકે છે. સમગ્ર વિશ્વમાં જો આ પ્રોજેક્ટ ગુજરાતને મળશે તો તે ભારતમાં પહેલો પ્રોજેક્ટ હશે. ગુજરાતમાં ડિઝનીલેન્ડ ક્યાં બની શકે તે માટેની જગ્યાઓ પર પ્રવાસન વિભાગ કામગીરી કરી રહ્યું છે. આ પ્રોજેક્ટ દક્ષિણ ગુજરાત કે મધ્ય ગુજરાતમાં પણ સ્થાપી શકાય તેમ છે, કે જ્યાં પાણીની સુવિધા વધુ મળી રહે.

**આઇએએસ અધિકારી બનવું છે-- અરજી કરો...**

ગુજરાત સરકારમાં વર્ગ-૧ના અધિકારીઓ કે જેઓ આઈએએસ અધિકારી બનવા માગે છે તેમની પાસેથી અરજીઓ મંગાવવામાં આવી છે. ઈન્ડિયન એડમિનિસ્ટ્રેટીવ સર્વિસ રૂલ્સ પ્રમાણે પસંદગીથી આઈએએસ સંવર્ગમાં નિમણૂક અંગેની આ જોગવાઈ છે. સરકારના વિવિધ વિભાગોમાં ફરજ બજાવતા વર્ગ-૧ના અધિકારીઓ કે જેમની વય ૧લી જાન્યુઆરી-૨૦૧૮ના રોજ ૫૬ વર્ષ કરતાં ઓછી હોય અને વર્ગ-૧માં આઠ વર્ષની સેવા બજાવવાનો અનુભવ હોય તેવા તમામ વર્ગ-૧ના અધિકારીઓ પસંદગીથી આઈએએસમાં નિયુક્ત થવા ઈચ્છતા હોય તો તેમણે અરજી કરવાની રહે છે. જો કે આ ઓફિસરોમાં જીએએસ, જીપીએસ અને જીએફએસ અધિકારીઓનો સમાવેશ થતો નથી. સામાન્ય વહીવટ વિભાગના અધિક મુખ્ય સચિવ સંગીતાસિંહે જણાવ્યું છે કે ૧લી જુલાઈ સુધીમાં વર્ગ-૧ના અધિકારીઓ કે જેઓ નિયુક્ત થવા માગતા હોય તેમની અરજી મંગાવી છે. આ અધિકારીઓના સીઆર ક્રાઈટેરિયામાં આઉટસ્ટેડીંગ માટે ૧૦ માકર્સ, વેરી ગુડ માટે ૮ માકર્સ, ગુડ માટે ૬ માકર્સ અને એવરેજ માટે શૂન્ય માર્ગ નિયત કરેલા છે.

**૨૦૨૦માં રાજ્યસભાની ચાર બેઠકો ખાલી...**

ગુજરાતમાં રાજ્યસભાની કુલ ૧૧ બેઠકો છે જે પૈકી બે બેઠકો હાલ ખાલી છે. કુલ નવ બેઠકો પૈકી ભાજપ પાસે પાંચ અને કોંગ્રેસ પાસે ચાર બેઠકો છે. ૨૩મી મે ના રોજ ખાલી પડેલી અમિત શાહ અને સ્મૃતિ ઈરાનીની બેઠકોની પેટા ચૂંટણી ૫મી જુલાઈએ યોજવામાં આવી રહી છે. કોંગ્રેસમાં અહમદ પટેલ, નારણ રાઠવા, અમી યાજ્ઞિક અને મધુસુદન મિસ્ત્રી રાજ્યસભાના સભ્ય છે, જ્યારે ભાજપમાં ચીનુભાઈ ગોહિલ, શંભુપ્રસાદ ટુંડિયા, પરસોત્તમ રૂપાલા, લાલસિંહ વડોદિયા અને મનસુખ માંડવિયા સાંસદ છે. હાલની પેટા ચૂંટણી પછી ગુજરાતમાં રાજ્યસભાની કુલ ચાર બેઠકો ખાલી પડે છે. આ બેઠકોની ચૂંટણી એપ્રિલ ૨૦૨૦માં થવાની છે. આ સમયે ભાજપના ચીનુભાઈ ગોહિલ, શંભુપ્રસાદ ટુંડિયા અને લાલસિંહ વડોદિયા નિવૃત્ત થઈ રહ્યાં છે જ્યારે કોંગ્રેસમાંથી એકમાત્ર મધુસુદન મિસ્ત્રી નિવૃત્ત થાય છે. વિધાનસભામાં કોંગ્રેસનું સંખ્યાબળ જોતાં ખાલી પડનારી આ ચાર બેઠકોની ચૂંટણીમાં કોંગ્રેસને બે અને ભાજપને બે બેઠકો મળવાની શક્યતા છે પરંતુ જો ભાજપ કોઈ ગેમપ્લાન બનાવે તો ભાજપના ત્રણ અને કોંગ્રેસને એક બેઠક મળે તેમ છે. સત્તા વિહોણી કોંગ્રેસને રાજ્યસભામાં થઈ રહેલો ગેરફાયદો ભાજપને રાજ્યસભામાં વધારે મજબૂત બનાવે છે. એવું કહેવાય છે કે-- કોંગ્રેસમાં રાજ્યસભાની ચૂંટણીના જે સ્ટેટેજી માસ્ટર્સ છે તેના કરતાં વધારે ધારદાર ભાજપના એકમાત્ર અમિત શાહ છે કે જેઓ રાજ્યસભાની ચૂંટણી જીતાડવાના સ્ટેટેજી માસ્ટર છે. જો કે તેઓ અહમદ પટેલને હરાવવાના વાયદામાં થાપ ખાઈ ગયા હતા.

**પાણી સાથે હળદરના ઉપયોગથી ઉત્તમ પરિણામ...**

સામાન્ય રીતે વજન ઉતારવા માટે લોકો સવારે લીંબુ અને મધવાળું હૂંફાળું પાણી પીવે છે પરંતુ જો તેમાં તેમાં હળદરનો પણ ઉપયોગ કરવામાં આવે તો ચમત્કારીક પરિણામ મળે છે. આયુર્વેદના મતે શરીરના ઝેરીલા તત્વો બહાર કાઢવા માટે હળદર ઉત્તમ ઔષધ છે. રોગ પ્રતિકારક શક્તિ મજબૂત થાય છે. ચામડીમાં ચમક આવે છે. હળદરના ગુણધર્મોમાં એન્ટી ઓક્સિડેન્ટ મુખ્ય છે, જે કેન્સરના કોશો સામે લડે છે. દૂધમાં હળદર પીવી તેના કરતાં હૂંફાળા પાણીમાં પીવી વધારે હિતકર છે. હળદરથી પાચનશક્તિ પણ વધે છે. હળદરમાં કરક્યુમીન નામના કેમિકલની હાજરીને કારણે તે દવાના રૂપમાં વપરાય છે. શરીરના સોજા પણ ઓછા કરવામાં મદદરૂપ થાય છે. એ ઉપરાંત સાંધાના દુખાવાને પણ દૂર કરે છે. હળદર મગજશક્તિ માટે પણ ઉત્તમ માનવામાં આવે છે. આ પાણીના ઉપયોગથી સ્મૃતિદોષ થી બચી શકાય છે અને યાદશક્તિમાં વધારો પણ થાય છે. આ પાણીથી લોહી જામતું નથી તેથી હૃદય માટે સારૂં છે. લોહી શુદ્ધ કરવાનો તેનો અનોખો ગુણ છે. લોહીની ધમનીઓમાં જમાવ પણ દૂર થાય છે. મહત્વની બાબત એવી છે કે હળદરવાળું પાણી લીવર સેલને સાજા કરી તેનું રક્ષણ કરે છે અને પિત્તાશયનું ફંકશન પણ વધારે છે.

**સંકુલમાં ઘૂસતાં બંદરોથી કર્મચારીઓ ત્રાહિમામ...**

બંદરના ખેલ માત્ર દિલ્હીમાં જ નહીં હવે ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં પણ જોવા મળે છે. રાજા કરે રાજ અને બંદર કરે તા-રાજ... જૂના અને નવા સચિવાલયમાં ક્યાકેય બંદરોનું દંગલ સર્જાય છે ત્યારે ભલભલા વાહનોને પછાડે છે. કારના બોનેટ અને છત પર જઈને કૂદીને મોટો ખાડો પાડે છે. કર્મચારીઓની શાકભાજી ભરેલી કોથળી હાથમાંથી છીનવીને ઝાડ પર કૂદકા મારે છે. સચિવાલયના આ બંદરો લૂંટારૂં બની રહ્યાં છે. આ બંદરોને અટકાવવાનો પોલીસ પાસે પણ રસ્તો નથી. નવા સચિવાલયના બ્લોકની લોબીમાં બંદર-રાજ જેવો માહોલ ખડકાય છે. દરવાજો ખુલ્લો હોય તો બંદર ઓફિસની અંદર આવી જાય છે. બંદરોને સચિવાલયમાં વિશ્રામ માટે એન્ટ્રીપાસની જરૂર નથી. પાર્કિંગમાં તેઓ વાહન મસ્તીમાં કર્મચારીઓને ભારે નુકશાન કરે છે તો બીજી તરફ સચિવાલયમાં ઘણીવાર માર્ગ રોકીને બેઠાં હોય છે. સચિવાલયમાં ખુલ્લા પાર્કિંગમાં પાર્ક થયેલી સંખ્યાબંધ ગાડીઓના બોનેટ અને છત પર મોટા ગોબા પાડી દીધા છે. આ બંદરોએ વન વિભાગ અને પોલીસ માટે મોટો પડકાર ઉભો કર્યો છે. સચિવાલયના એક સુરક્ષા જવાને કહ્યું હતું કે સચિવાલયમાં કેન્ટીન અને કર્મચારીઓના ટીફીનના કારણે બંદરોની આવન-જાવન વધી ગઈ છે. થોડાં સમય પહેલાં એક ચોથા વર્ગના કર્મચારીના હાથમાંથી ટીફીન પડાવીને બંદરોએ પાર્કિંગ પ્લોટમાં ઉજાણી કરી હતી.



## રાજ્ય સરકારમાં આઇએએસ બનવું હોય તો - ક્લાસ-૧ના અધિકારીઓએ અરજી કરવાની રહેશે

ટાઈમ લાઈન - ગૌતમ પુરોહિત

## શરીરનું વજન ઉતારવા લીંબુ-મધનું પાણી ઉત્તમ છે પરંતુ તેમાં હળદરથી પરિણામ બદલાય છે